**અમદાવાદ (ગ્રામ્ય) ના ચોથા એડી.સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં. 17134/2025

આંક:-

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : **અખ્તરહુસેન અબ્દુલબાકીર શેખ**

**ગુનો : બોમ્બે પ્રોહી. એકટની કલમ ૬૬(૧)બી, ૮૫(૧) મુજબ**

(૧) સદરહું કામના આરોપી વિરૂધ્ધ **બોમ્બે પ્રોહી. એકટની કલમ ૬૬(૧)બી, ૮૫(૧)** મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં ઈન્સાફી કાર્યવાહી માટે રજુ થયેલ છે. સદર ગુનાના કામે આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેમને બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૦ અન્વયે પોલીસ પેપર્સની નકલો આપી બાદમાં પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્વીકાર કરેલ છે.

(૨) આરોપીએ ગુનાની કબુલાત કરતા તેમને સદર ગુનાની કબુલાત અંગે વિચારવા માટે સમય જોઈએ તો તે આપવાનું જણાવેલ છે. તેમ છતાં આરોપીએ સદર ગુનો સ્વેચ્છાપૂર્વક કબુલ હોવાનું જણાવેલ છે તો વધુમાં આરોપીએ તેમની લેખિત ગુન્હા કબુલાતની પુરસસીમાં તથા મારી સમક્ષની રજુઆતમાં જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુન્હો છે. સજાની જોગવાઈ અંગે આરોપીને માહિતગાર કેસ હોવા છતાં કબુલાત કરવા ઈચ્છે છે અને જણાવે છે કે તે ગરીબ માણસ છે તેમજ દયા કરવા અરજ ગુજારેલ છે અને ગુના અંગે પછતાવો વ્યકત કરેલ છે.

આમ, આરોપીની મારી સમક્ષની રજૂઆત સ્વેચ્છા પુર્વકની કબુલાત જણાતી હોય કેસના સંજોગો ધ્યાનેમાં લઈ આરોપીને સદર ગુન્હામાં તકશીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: હુકમ::-**

સદર કામના આરોપીનેબી.એન.એસ.એસ.ની કલમ- ૨૭૫ અન્વયે **બોમ્બે પ્રોહી. એકટની કલમ ૬૬(૧)બી, ૮૫(૧)** ના ગુના માટે તકશીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને **બોમ્બે પ્રોહી. એકટની કલમ ૬૬(૧)બી, ૮૫(૧)** મુજબ ગુન્હા માટે આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૧૦૦/-** પુરા (અંકે રૂપિયા એક સો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો **દિન-ત્રણ** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૧૨ મી માહે, જુલાઇ ૨૦૨૫ ના રોજ જાહેર કર્યો.

તા.૧૨/૦૭/૨૦૨૫

અમદાવાદ

**(સી.સી.ગોંડલીયા)**

ચોથા એડી.જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ

અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા.

જીજે૦૧૭૭૦

દંડ રૂપિયા /-(અંકે રૂપિયા પુરા)

પહોંચ નં....................થી વસુલ લીધા.

તા.૧૨/૦૭/૨૦૨૫ સુપ્રીટેન્ડેટ